<u>વાડજ પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૪૦૦૨૪/૨૦૨૪ મુજબના ગુનાના કામના આરોપી રેયાજુદિન અહમદ સ/ઓફ શાહબુદિન જાતે શેખ ની જામીન અરજી લગત હુકમ.</u>

<u>ક્રિ.પ.અ.નંબરઃ</u>

૧. જામીન અરજી, એફ.આઈ.આર.વંચાણે લીધી. આરોપી પક્ષે વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨. આરોપી પક્ષે વિ.વ.શ્રીની રજૂઆત છે કે, આરોપી નિર્દોષ છે. આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દિધેલ છે. આરોપી હાલમાં નામદાર જ્યુડિશીયલ કસ્ટડીમાં તારીખઃ૧૦/૧/૨૦૨૪ ના રોજથી છે. આરોપી નાસીભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે જેથી આરોપીની જામીન અરજી મંજુર કરવા રજૂઆત કરેલ છે.

૩. સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત છે કે, આ કામના આરોપી સામે ચોરીનો ગંભીર પ્રકારનો આરોપ છે. આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોય, આરોપીને જામીન પર મુક્ત કરવા સામે વાંધો લિધેલ છે.

૪. બંને પક્ષોને સાંભળ્યા. આ કામે હાલના આરોપી સામે ઈ.પી.કો.કલમઃ૩૭૯ મુજબના ગુનાનો આરોપ છે. આરોપી સામે નોંધાયેલ ગુનાની સજાની જોગવાઈ તથા ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને રહેલી છે. વધુમાં હાલના આરોપી તારીખઃ૧૦/૧/૨૦૨૪ ના રોજ થી નામદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. વધુમાં આ કામના આરોપીપક્ષે દલીલ કરેલ છે કે, આરોપી નામદાર કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન અચુક હાજર રહેશે જે ખાત્રીની હકિકત ધ્યાને લેતા વધુમાં જામીન અરજી સંબધે નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ જુદી જુદી વડી અદાલતોના ચુકાદામા જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લેતા તેમજ આરોપીને જામીન મુક્ત કરવામાં ન આવે તો પ્રિટ્રાયલ પનિશમેન્ટ તેવી સ્થિતિ ઊભી થવાની શક્યતા રહેલી છે જે તમામ સંજોગોમાં ધ્યાને લેતા શરતોને આધીન આરોપીને જામીન મુકત કરવા

માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭ ની વિવેકાધીન સત્તાનો ઊપયોગ કરવો ન્યાયોચીત જણાતો હોય નીચે મુજબનો જામીન અરજી મંજુર કરતો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

**૧.** આ કામના આરોપી રેયાજુદ્દિન અહમદ સ/ઓફ શાહબુદ્દિન જાતે શેખ નાઓનીજામીન અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ રૂપીયાઃ૫૦,૦૦૦/–૦૦(અંકે રૂપીયા પચાસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા લખી આપેથી તેમજ નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામા આવે છે.

**શરતોઃ–**

૧. આરોપીએ ફરીવાર આવા ગુનાનું પુનરાવર્તન કરવુ નહી.

૨. આ કામના આરોપીએ ત.ક.અધિકારીને તપાસમાં સહકાર આપવાનો રહેશે.

૩. આ કામના આરોપીએ કેસ ચાલતા સમયે નિયમીત પણે કોર્ટમાં હાજર રહેવુ.

૪. આરોપીએ તથા જામીનદારે પોતાના રહેઠાણનુ પાકુ સરનામુ અત્રેની અદાલતમાં જાહેર કરવુ તથા મોબાઈલ નંબર જાહેર કરવા અને જો સરનામુ બદલવાનુ થાય તો તેની જાણ અત્રેની અદાલતને કરવી.

સદરહુ હુકમ આજ તારીખઃ૨૦મી, માહે જાન્યુઆરી સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.
સ્થળ–અમદાવાદ

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯.અમદાવાદ.
જજ કોડ નંબરઃ૦૧૨૦૯

આર.કે.સોનારા.